
શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?

ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

# ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets · ISC · durashine TATA BLUESCOPE STEEL · TATA SHAKTEE
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
- Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
- Galvanised Plain Sheet - MS - CRC sheets
- Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
- 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
- Poly Carbonate, PVC Sheets & Roofing Accessories

STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Petrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ચૈત્ર સુદ છઠ મંગળવાર ૨૪ માર્ચ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૨૭

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

# ટ્રમ્પનો યુ-ટર્ન: ઈરાનના પાવર પ્લાન્ટ પર હુમલો 5 દિવસ માટે મુલતવી

## ક્રૂડ ઓઈલના ભાવમાં 16%નો મોટો કડાકો

**ટ્રમ્પના** નિર્ણયથી વૈશ્વિક બજારને રાહત બ્રેન્ટ ક્રૂડ ઘટીને બેરલ દીઠ ૧૦૦ ડોલરની નીચે જતું રહ્યું

**જો કે** હજી પણ સપ્લાયની ચિંતાઓ હોવાથી ક્રૂડનો ભાવ બેરલ દીઠ ૧૧૦ ડોલર રહેવાની ગોલ્ડમેનની ચેતવણી

**મુંબઈ, તા. 23:** ડોનાલ્ડ ટ્રમ્પે પેન્ટાગોનને ઈરાની પાવર પ્લાન્ટ અને ઉર્જા માળખા પર કોઈપણ લશ્કરી હુમલો પાંચ દિવસ માટે મુલતવી રાખવાનો નિર્દેશ આપ્યો છે. અને અમેરિકા તથા ઈરાન વચ્ચે છેલ્લા બે દિવસમાં અર્થપૂર્ણ ચર્ચા થઈ છે, જે ચાલુ રહેશે. આ અહેવાલની

...અનુસંધાન પાના 13 પર

**હોર્મુઝનો** જળમાર્ગ ખોલવા માટેની આખરી મહેતલ ટ્રમ્પે લંબાવી

**ઇરાન** સાથે ફળદાયી મંત્રણા પછી આ નિર્ણય લેવાયો હોવાનું અમેરિકી પ્રમુખે જણાવ્યું

**જો કે** કોઇ મંત્રણા થઇ હોવાનો ઇન્કાર કરીને ઇરાને કહ્યું કે અમારી ધમકીને કારણે અમેરિકાએ પીછેહટ કરી

**વૉશિંગ્ટન, તહેરાન, તા. 23:** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આંતરરાષ્ટ્રીય શિપિંગ માટે નિર્ણાયક હોર્મુઝની સામુદ્રધુની ફરીથી ખોલવા માટે ઈરાનને આપેલી સમયમર્યાદા લંબાવી છે. સોમવારે તેમણે જણાવ્યું હતું કે, અમેરિકા ઈરાની પાવર પ્લાન્ટ્સ પર હુમલો કરવાની ધમકીને પાંચ દિવસ માટે મોકૂફ રાખશે.

'ટ્રુથ સોશિયલ' પરની તેમની

...અનુસંધાન પાના 13 પર

## હું અને આયતોલ્લાહ સાથે મળીને હોર્મુઝની ખાડીનું સંચાલન કરીશું! : ટ્રમ્પ



ડોનાલ્ડ ટ્રમ્પે સૂચન કર્યું છે કે જ્યારે હોર્મુઝની સામુદ્રધુની વિશ્વ માટે સંપૂર્ણપણે ફરીથી ખુલી જશે, ત્યારે તેઓ ઈરાનના આયતોલ્લાહ સાથે મળીને સંયુક્ત રીતે તેનું સંચાલન કરી શકે છે. સંઘર્ષનો અંત લાવવા માટેના કોઈપણ સોદામાં આ મહત્વપૂર્ણ જળમાર્ગનો હવાલો કોની પાસે રહેશે, તેવા પ્રશ્નના જવાબમાં ટ્રમ્પે કહ્યું: 'કદાચ મારી પાસે, મારા અને... જે પણ આગામી આયતોલ્લાહ (સુપ્રીમ લીડર) હશે તેમની પાસે.' પ્રમુખે એ વાતનો પણ સ્વીકાર કર્યો હતો કે તેઓ જાણતા નથી કે ઈરાનના સર્વોચ્ચ નેતા મોજતબા ખામેની જીવિત છે કે કેમ? તેમણે ઉમેર્યું: 'અમે એવા કેટલાક લોકો સાથે સંપર્કમાં છીએ જે મને ખૂબ જ વાજબી અને મક્કમ લાગે છે. અંદરના લોકો જાણે છે કે તેઓ કોણ છે. તેઓ ખૂબ જ સન્માનિત છે. કદાચ તેમાંથી જ કોઈ એક એવી વ્યક્તિ હશે જેની અમે શોધ કરી રહ્યા છીએ.'

## હે ટ્રમ્પ યુ આર ફાયર્ડ: ઇરાની લશ્કરે ટ્રમ્પની ઠેકડી ઉડાવી

ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સ કોર (IRGC) ના પ્રવક્તા દ્વારા ડોનાલ્ડ ટ્રમ્પની તેમના જ પ્રખ્યાત ડાયલોગ વડે મજાક ઉડાવવામાં આવી હતી. ઈરાની સૈન્ય પ્રવક્તા ઈબ્રાહિમ ઝોલ્ફકારીએ ગઈકાલે રાત્રે એક વીડિયોમાં અમેરિકી પ્રમુખની મજાક ઉડાવતા જોવા મળ્યા હતા.ઝોલ્ફકારીએ વીડિયોમાં કહ્યું, હે ટ્રમ્પ, તમારી હકાલપટ્ટી કરવામાં આવે છે (You are fired). તમે આ વાક્યથી પરિચિત

...અનુસંધાન પાના 13 પર

## ગુજરાતમાં પેટ્રોલ પંપો પર લાંબી લાઈનો




(તસવીર : હેમંત ડેરે)

**અફરાતફરીનો** માહોલ- 'નો સ્ટોક'ના બોર્ડ લાગ્યા

**સપ્લાયમાં** થોડો વિલંબ છે- પુરતો પુરવઠો ઉપલબ્ધ છે : સરકાર

**અમદાવાદ :** ઈરાન અને ઇઝરાયેલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધને પગલે હવે ગુજરાતમાં તેની અસર જોવા મળી રહી છે. રાજ્યના મોટા શહેરોમાં પેટ્રોલ-ડિઝલ અને ગેસ સિલિન્ડરને લઈ લોકોમાં ભારે ગભરાટ ફેલાયો છે, જેના કારણે આજે અનેક શહેરમાં પેટ્રોલ પંપો અને ગેસ એજન્સીઓ પર ભારે ભીડ જોવા મળી રહી છે. અમદાવાદના તમામ વિસ્તારોમાં પેટ્રોલ પર વાહનોની લાંબી લાઈનો લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

અમદાવાદ, રાજકોટ અને વડોદરા સહિતના શહેરોમાં અનેક પેટ્રોલ પંપો પર 'નો સ્ટોક'ના બોર્ડ લાગી ગયા છે. સપ્લાયમાં ખોટકાતા કેટલાક પંપો બંધ પણ રાખવા પડ્યા છે. જેના પરિણામે ચાલુ પંપો પર વાહનચાલકોની લાંબી કતારો લાગી રહી છે. ખાસ કરીને અમદાવાદના આશ્રમ રોડ, પ્રહલાદનગર રોડ, પાલડી, વસ્ત્રાપુર, સહિતના તમામ વિસ્તારોમાં આવેલા પેટ્રોલ પંપ પર લાંબી-લાંબી વાહનોની લાઈન જોવા મળી હતી.

શહેરના એસ.જી. હાઈવે, આશ્રમ રોડ અને પાલડી સહિતના વિસ્તારોમાં પણ ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર ચાલકો કલાકો સુધી લાઈનમાં ઊભા રહીને પેટ્રોલ ભરાવી રહ્યા છે. જોકે કેટલાક લોકોને કલાકો લાઈનમાં ઉભા રહ્યા પછી પણ પેટ્રોલ મળ્યું નહતુ, પરિણામે કેટલાક લોકો રસ્તામાં પેટ્રોલ ખૂટી જવાથી પોતાના

...અનુસંધાન પાના 13 પર

### રાજ્ય પાસે પૂરતો બફર સ્ટોક છે : મોના ખંધાર

ગાંધીનગર : રાજ્યમાં પેટ્રોલ અને ડીઝલની અછત હોવાની અફવાઓ વચ્ચે ગુજરાત સરકારે સ્પષ્ટતા કરી છે કે રાજ્યમાં ઈંધણનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને નાગરિકોએ ગભરાવાની કોઈ જરૂર નથી. રાજ્ય સરકાર, ઈન્ડિયન ઓઈલ કોર્પો. (IOCL) અને પેટ્રોલિયમ ડીલર્સ એસોસિએશન દ્વારા સંયુક્ત નિવેદન આપીને આ ખાતરી આપવામાં આવી છે. અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના અધિક મુખ્ય સચિવ મોના ખંધારે જણાવ્યું હતું કે રાજ્યના તમામ પેટ્રોલ પંપ પર જરૂરી પ્રમાણમાં પેટ્રોલ અને ડીઝલ ઉપલબ્ધ છે. "નાગરિકોએ પેટ્રોલ પંપ પર લાંબી લાઈનો લગાવવાની કે પેનિક થવાની જરૂર નથી. રાજ્ય પાસે પૂરતો બફર સ્ટોક પણ ઉપલબ્ધ છે," એમ તેમણે ઉમેર્યું હતું.

## ટ્રમ્પનો નવો ફણગો: 'ઈરાનના સૌથી સન્માનિત નેતા સાથે મારી વાત ચાલુ છે!'

**આ** નેતા કોણ તેનો ટ્રમ્પે ફોડ પાડ્યો નહીં, જો કે એ સ્પષ્ટ કર્યું કે સુપ્રીમ લીડર મોજતબા ખામેની સાથે મંત્રણા ચાલી રહી નથી

**ઇઝરાયેલી** મીડિયાનો દાવો- સ્પીકર કાલીબાફ સાથે વાતચીત, પાકિસ્તાન-તુર્કી-ઈજિપ્ત બન્યા વચેટિયા

**વૉશિંગ્ટન, તા. ૨૩:** ટ્રમ્પે પત્રકારોને જણાવ્યું હતું કે ઈરાન કરાર કરવા માંગે છે, અને દાવો કર્યો હતો કે અમેરિકી દૂતો એક સન્માનિત ઈરાની નેતા સાથે વાતચીત કરી રહ્યા છે. તેમણે કહ્યું કે તેમના મધ્ય પૂર્વના વિશેષ દૂત સ્ટીવ વિટકોફ અને ટ્રમ્પના જમાઈ જેરેડ કુશ્નરે રવિવારે મોડી સાંજ સુધી વાતચીત કરી હતી અને આ મંત્રણા ચાલુ રહેશે. ટ્રમ્પે તેહરાનનું પ્રતિનિધિત્વ કરતા કોઈ પણ અધિકારીનું નામ આપ્યું નથી.

...અનુસંધાન પાના 13 પર

### ઇરાની સ્પીકરનો રદિયો

**દુબઈ, 23 માર્ચ :** ઈરાની સંસદના અધ્યક્ષે અમેરિકા સાથે કોઈ પણ પ્રકારની વાતચીત થઈ હોવાનો ઈનકાર કર્યો છે. મોહમ્મદ બઘેર કાલીબાફે 'X' પર લખ્યું છે કે, અમેરિકા સાથે કોઈ વાતચીત કરવામાં આવી નથી, અને નાણાકીય તેમજ

...અનુસંધાન પાના 13 પર

## મધ્ય પૂર્વનું યુદ્ધ: રોકાણકારોના 48.29 લાખ કરોડ સ્વાહા

**યુદ્ધ** શરૂ થયા બાદ બીએસઈ સેન્સેક્સમાં 8,590.8 પોઈન્ટ અને એનએસઈ નિફ્ટીમાં 2,666 પોઈન્ટનો ઘટાડો નોંધાયો

**નવી દિલ્હી, તા. 23 (પીટીઆઈ):** મધ્ય પૂર્વમાં 28 ફેબ્રુઆરીથી શરૂ થયેલા યુદ્ધને કારણે વૈશ્વિક બજારોમાં ભારે અફરાતફરી મચી છે, જેના કારણે ભારતીય શેરબજારમાં રોકાણકારોની સંપત્તિમાં રૂ. 48.29 લાખ કરોડનું અધધ ધોવાણ થયું છે. યુદ્ધ શરૂ થયા બાદ બીએસઈ સેન્સેક્સમાં 8,590.8 પોઈન્ટ (10.56%) અને એનએસઈ નિફ્ટીમાં 2,666 પોઈન્ટ (10.58%) નો મોટો ઘટાડો નોંધાયો છે. આ કડાકાને કારણે બીએસઈ લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપિટલાઈઝેશન ઘટીને રૂ. 415 લાખ કરોડ થઈ ગયું છે. આ આર્થિક સંકટ પાછળ હોર્મુઝની સામુદ્રધુનીમાં સર્જાયેલો અવરોધ, રૂપિયા પરનું દબાણ, અને ઉર્જાના વધતા ભાવ મુખ્ય કારણો છે. સોમવારે સેન્સેક્સ 1,836.57 પોઈન્ટ (2.46%) ગબડીને 72,696.39 પર અને નિફ્ટી 601.85 પોઈન્ટ (2.60%) તૂટીને 22,512.65 પર બંધ રહ્યો હતો. મિડકેપ અને સ્મોલકેપ

...અનુસંધાન પાના 13 પર

### તા. ૨૩-૦૩-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૫.૮° સે. | ૨૧.૮° સે. | ૩૬% |

### હોર્મુઝની ખાડીના જળમાર્ગમાં અવરોધો સંપૂર્ણ અસ્વીકાર્ય

## મોદીનું આહ્વાન: 'કોવિડની જેમ આ સંકટમાં પણ દેશે એકજૂથ થવું પડશે'

**અખાતી** યુદ્ધને કારણે સર્જાયેલી સ્થિતિ અંગે વડાપ્રધાન લોકસભામાં નિવેદન કર્યું

**મુશ્કેલીઓ** લાંબા સમય સુધી ચાલવાની શક્યતા દર્શાવી

**સાથે** જ યુદ્ધના અંત માટે સંવાદ પર ભાર મૂક્યો

**નવી દિલ્હી, તા. ૨૩:** વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે જણાવ્યું હતું કે પશ્ચિમ એશિયાના સંઘર્ષને કારણે ઊભી થયેલી મુશ્કેલ વૈશ્વિક પરિસ્થિતિઓ લાંબા સમય સુધી ચાલુ રહેવાની શક્યતા છે અને તેમણે રાષ્ટ્રને તૈયાર અને એકજૂથ રહેવા આહ્વાન કર્યું હતું, જે રીતે કોવિડ-19 મહામારી દરમિયાન દેશ સાથે મળીને ઊભો રહ્યો હતો.

લોકસભામાં આપેલા એક નિવેદનમાં, વડાપ્રધાન મોદીએ ભારતમાં ઈંધણ, ખાતર, રાષ્ટ્રીય સુરક્ષા અને અન્ય ક્ષેત્રો પર પડનારી અસર તેમજ પશ્ચિમ એશિયાના પ્રદેશમાં વસતા ભારતીય નાગરિકો અંગેની ચિંતાઓ પર સંબોધન કર્યું હતું. તેમણે વધુમાં કહ્યું કે આ કટોકટી પર ભારતની સંસદ તરફથી વિશ્વને એક સર્વસંમત અવાજ જવો જોઈએ. માનવતા અને શાંતિ પ્રત્યે ભારતની અતૂટ પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરતા વડાપ્રધાને કહ્યું કે સંવાદ અને મુત્સદ્દીગીરી જ ઉકેલનો એકમાત્ર માર્ગ છે અને ભારતનો દરેક પ્રયાસ તણાવ ઘટાડવા અને દુશ્મનાવટને સમાપ્ત કરવા તરફ નિર્દેશિત છે. ગૃહને માહિતી આપતા તેમણે જણાવ્યું હતું કે તેમણે પશ્ચિમ એશિયાના તમામ સંબંધિત નેતાઓ સાથે વાતચીત કરી છે અને તેમને તણાવ ઘટાડવા અને સંઘર્ષનો અંત લાવવા વિનંતી કરી છે. મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે વ્યાપારી જહાજો પરના હુમલા અને હોર્મુઝની સામુદ્રધુની જેવા આંતરરાષ્ટ્રીય જળમાર્ગોમાં અવરોધ, જેના દ્વારા વિશ્વની ૨૦ ટકા ઉર્જાનું પરિવહન થાય છે, તે સંપૂર્ણપણે અસ્વીકાર્ય છે.

તેમણે કહ્યું કે આ યુદ્ધમાં કોઈપણ જીવ જોખમમાં મૂકવો એ માનવતાના હિતોની વિરુદ્ધ છે અને ભારતનો પ્રયાસ તમામ પક્ષોને વહેલી તકે શાંતિપૂર્ણ ઉકેલ લાવવા માટે પ્રોત્સાહિત કરવાનો છે. ભારત, મુત્સદ્દીગીરી દ્વારા યુદ્ધના વાતાવરણમાં પણ ભારતીય જહાજોના સુરક્ષિત માર્ગ માટે સતત પ્રયાસો કરી રહ્યું છે. આવા પ્રયાસોને કારણે, હોર્મુઝની સામુદ્રધુનીમાં અટવાયેલા આપણા કેટલાક જહાજો પણ તાજેતરના દિવસોમાં ભારત પરત આવ્યા છે, તેમ તેમણે જણાવ્યું હતું. વડાપ્રધાને કટોકટીના આંતરિક સુરક્ષા પાસા તરફ પણ ગૃહનું ધ્યાન દોર્યું હતું અને ચેતવણી આપી હતી કે અમુક તત્વો આવી પરિસ્થિતિઓનો ગેરલાભ ઉઠાવવાનો પ્રયાસ કરે છે. તેમણે કહ્યું કે તમામ સુરક્ષા એજન્સીઓને એલર્ટ પર રાખવામાં આવી છે અને દરિયાકાંઠા, સરહદ, સાયબર અને વ્યૂહાત્મક સ્થાપનો સહિતના તમામ ક્ષેત્રોમાં સુરક્ષાને વધુ મજબૂત કરવામાં આવી રહી છે.

ધીરજ, સંયમ અને તકેદારી રાખવા વિનંતી કરતા અને અસત્ય ફેલાવીને, કાળાબજાર કે સંગ્રહખોરી કરીને પરિસ્થિતિનો લાભ લેવા માંગતા લોકો સામે સાવધ કરતા, મોદીએ તમામ રાજ્ય સરકારોને આવા તત્વો સામે કડક દેખરેખ અને ઝડપી કાર્યવાહી સુનિશ્ચિત કરવા અપીલ કરી હતી. વડાપ્રધાને નોંધ્યું હતું કે આ યુદ્ધને કારણે સર્જાયેલી મુશ્કેલ વૈશ્વિક પરિસ્થિતિઓ લાંબા સમય સુધી ચાલુ રહેવાની શક્યતા છે. તેમણે કહ્યું કે કટોકટી હવે ત્રણ અઠવાડિયાથી વધુ સમયથી ચાલી રહી છે અને તેની વૈશ્વિક અર્થવ્યવસ્થા અને લોકોના જીવન પર ખૂબ જ પ્રતિકૂળ અસર પડી રહી છે. આ ક્ષેત્ર ભારત માટે અન્ય એક કારણસર પણ મહત્વનું છે, કારણ કે લગભગ એક કરોડ ભારતીયો અખાતી દેશોમાં રહે છે અને કામ કરે છે અને આ સમુદ્રમાં સફર કરતા વ્યાપારી જહાજોમાં

...અનુસંધાન પાના 13 પર

### દેશ પાસે પેટ્રોલિયમનો ૫૩ લાખ મેટ્રીક ટન અનામત જથ્થો

**ઈંધણ** આયાત સ્ત્રોતો ૪૧ દેશો સુધી વિસ્તારાયા, સ્ટોરજ વ્યવસ્થા વધારવાના પ્રયાસો ચાલુ

ઉર્જા સુરક્ષા અંગે મોદીએ માહિતી આપી હતી કે ભારતે છેલ્લા ૧૧ વર્ષમાં તેના ઉર્જા આયાત સ્ત્રોતો ૨૭ દેશોથી વધારીને ૪૧ દેશો સુધી વિસ્તાર્યા છે, જેનાથી કોઈ એક પ્રદેશ પરની નિર્ભરતા ઓછી થઈ છે. ભારત પાસે ૫.૩ મિલિયન મેટ્રિક ટનથી વધુ વ્યૂહાત્મક પેટ્રોલિયમ રિઝર્વ છે અને દેશ ૬.૫ મિલિયન મેટ્રિક ટનથી વધુ સ્ટોરેજની વ્યવસ્થા પર પણ કામ કરી રહ્યો છે. આ ઉપરાંત, સ્થાનિક તેલ કંપનીઓ પાસે પણ અનામત ભંડાર છે.

### યુદ્ધ શરૂ થયા બાદ ૩,૭૫,૦૦૦ ભારતીયો અખાતમાંથી સલામત પાછા ફર્યા

બચાવ કામગીરીની જાણકારી આપતા વડાપ્રધાને કહ્યું કે યુદ્ધ શરૂ થયા બાદ અત્યાર સુધીમાં ૩,૭૫,૦૦૦થી વધુ ભારતીયો સુરક્ષિત રીતે ભારત પરત ફર્યા છે, જેમાં ઈરાનથી આવેલા અંદાજે ૧,૦૦૦ ભારતીયોનો સમાવેશ થાય છે, જેમાંથી ૭૦૦થી વધુ યુવા મેડિકલ વિદ્યાર્થીઓ છે.

## રૂપિયાનું ઐતિહાસિક ધોવાણ: પ્રથમ વખત 94

**દિવસના** અંતે રૂપિયો 93.53 પર સ્થિર બંધ રહ્યો

**મુંબઈ, તા. 23 (પીટીઆઈ):** સોમવારે શેરબજારમાં ભારે ઉથલપાથલ વચ્ચે ભારતીય રૂપિયો અમેરિકી ડોલર સામે પ્રથમ વખત 94ની ઐતિહાસિક સપાટી વટાવી ગયો હતો, જોકે દિવસના અંતે તે 93.53 પર સ્થિર બંધ રહ્યો હતો.

ઈન્ટરબેંક ફોરેન એક્સચેન્જમાં રૂપિયો 93.84 પર ખૂલ્યો હતો અને ઈન્ટ્રાડે ટ્રેડિંગ દરમિયાન 94ના સ્તરને પાર કરી ગયો હતો, પરંતુ વૈશ્વિક ક્રૂડના ભાવમાં સુધારાને કારણે પાછળથી રિકવરી જોવા મળી હતી.

નિષ્ણાતોના મતે, પશ્ચિમ એશિયામાં વધતા ભૌગોલિક તણાવ, ઘરેલું શેરબજારમાં કડાકો અને વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઈઆઈ) દ્વારા સતત થઈ રહેલી વેચવાલીને કારણે રૂપિયા પર ભારે દબાણ જોવા મળી રહ્યું છે. છ ચલણોના બાસ્કેટ સામે ડોલરની મજબૂતી દર્શાવતો ડોલર ઈન્ડેક્સ 0.14% વધીને 99.78 પર ટ્રેડ થઈ રહ્યો હતો, જ્યારે બ્રેન્ટ ક્રૂડ તેલ વાયદા બજારમાં 1.11% ઘટીને 113.4 ડોલર પ્રતિ બેરલ પર હતું.

ઘરેલું શેરબજારની વાત કરીએ તો, સેન્સેક્સ 1,836.57 પોઈન્ટ ગબડીને 72,696.39 પર અને નિફ્ટી 484.30 પોઈન્ટ ઘટીને 22,630.20 પર બંધ રહ્યો હતો. એક્સચેન્જ ડેટા મુજબ, વિદેશી રોકાણકારોએ સોમવારે કુલ રૂ. 10,414.23 કરોડની ઈક્વિટી વેચી હતી. આ ઉપરાંત, આરબીઆઈના રિપોર્ટ અનુસાર 13 માર્ચના રોજ પૂરા થયેલા સપ્તાહમાં ભારતનું વિદેશી મુદ્રા ભંડાર 7.052 અબજ ડોલર ઘટીને 709.759 અબજ ડોલર પર પહોંચ્યું છે.

## ટ્રમ્પના નિવેદન પછી અમેરિકા-યુરોપના શેરબજારો ઉછળ્યા

**અમેરિકાના** તમામ ઇન્ડેક્સો ઉછળ્યા, S&P 500 ઈન્ડેક્સ પરના દસમાંથી નવ શેર વધ્યા

**મુંબઈ, તા. 23:** ઈરાન, અમેરિકા અને ઈઝરાયલ વચ્ચે 23 દિવસના યુદ્ધ વચ્ચે, અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક મોટી જાહેરાત કરી કે, તેમણે અમેરિકાના સંરક્ષણ વિભાગને ઈરાની પાવર પ્લાન્ટ અને ઉર્જા માળખા પર કોઈપણ લશ્કરી હુમલો પાંચ દિવસ માટે મુલતવી રાખવાનો નિર્દેશ આપ્યો છે. ટ્રમ્પે જણાવ્યું હતું કે અમેરિકા અને ઈરાન વચ્ચે છેલ્લા બે દિવસમાં અર્થપૂર્ણ ચર્ચા થઈ છે, જે ચાલુ રહેશે. આ અહેવાલની પાછળ વૈશ્વિક બજારોમાં ખૂબજ ઝડપી રીકવરી જોવા મળી હતી. ડાઉ ફ્યુચર 1200 પોઈન્ટ સુધી ઉછળી ગયો છે, જ્યારે ભારતીય બજાર બંધ થયા બાદ આ સમાચાર આવ્યા હોવાથી શેરબજાર પર અસર દેખાઈ ન હતી પણ ગિફ્ટ નિફ્ટીમાં 900 પોઈન્ટનો ઉછાળો જોવા મળ્યો છે.

ઈરાન સાથેના તણાવમાં ઘટાડો થવાને પગલે S|P 500 ઈન્ડેક્સ 1.9 ટકા ઉછળ્યો હતો, જે યુદ્ધ શરૂ થયાના ઘણા સમય પહેલા પછીનો તેનો સૌથી સારો દિવસ સાબિત થયો હતો, ભલે ઈરાને કોઈ પણ પ્રકારની મંત્રણા થઈ હોવાનો ઈનકાર કર્યો હોય. છેલ્લા કેટલાક અઠવાડિયાની આ ઉથલપાથલ ગયા વર્ષ જેવી જ છે, જો કે એટલી નાટકીય નથી, જ્યારે ટ્રમ્પે લિબરેશન ડે પર તેમના વિશ્વવ્યાપી ટેરિફ દ્વારા વૈશ્વિક અર્થતંત્રને આંચકો આપ્યો હતો. તેમાંથી ઘણા ટેરિફ મૂળ ધમકી કરતા હળવા સાબિત થયા હતા, અને વાટાઘાટોમાં ચાલી રહેલી ખેંચતાણને કારણે બજારમાં ઘણી વખત તીવ્ર વધઘટ જોવા મળી હતી. તેમ છતાં, સોમવારે નાણાકીય બજારોમાં મુખ્ય પ્રતિક્રિયા રાહતની હતી. પૂર્વીય સમય મુજબ સવારે 10:15 વાગ્યા સુધીમાં ડાઉ જોન્સ

...અનુસંધાન પાના 13 પર